# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત જુની હાઇકોર્ટ મેટ્રો સ્ટેશનથી ઇન્કમટેક્ષ સ્વસ્તીક સુપર માર્કેટ સુધી ૩૦-મીટર લંબાઇનો સ્ટીલનો ફુટ ઓવરબ્રીજ (લોખંડની ગર્ડર) લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી **તા.૬.૧.૨૦૨૪ થી તા.૧૧.૧.૨૦૨૪, ૬-દિવસની રાત્રીના કલાક ૧૨.૦૦ થી સવાર કલાક ૦૫.૦૦ સુધી** કરવામાં આવનાર છે. આ કામગીરી દરમિયાન નીચે જણાવેલ વિગતો ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગ |
|---|---|
| ઇન્કમટેક્ષ ચાર રસ્તા ખાતે આવેલ શ્રી અરુણ જેટલી ઓવરબ્રીજ બન્ને સાઇડથી વાહન વ્યવહાર માટે રાત્રી કલાક ૧૨.૦૦ થી સવાર કલાક ૦૫.૦૦ સુધી બંધ રહેશે. | **૧.** વાડજ ગાંધીઆશ્રમ તરફથી આવતો ટ્રાફિક ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ ઉસ્માનપુરા ગામ તરફ જઇ શકાશે. તેમજ ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી વલ્લભસદન થઇ રિવરફ્રન્ટ તરફ પણ જઇ શકાશે. ઇન્કમટેક્ષ ચાર સુધી બન્ને સાઇડનો સર્વિસ રોડ વાહન વ્યવહાર માટે ચાલુ રહેશે.<br>**૨.** નહેરુબ્રીજ થઇ આશ્રમ રોડ તરફનો ટ્રાફિક ખોડીયાર માતાના મંદીર થઇ નવરંગપુરા તરફ જઇ શકશે. તેમજ જમણી બાજુ રીવરફ્રન્ટ તરફ પણ જઇ શકાશે. સદર બ્રીજના નીચેના બન્ને સર્વિસ રોડ ઇન્કમટેક્ષ ચાર રસ્તા સુધી ચાલુ રહેશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૫/૧/૨૦૨૪**

( એન.એન.ચૌધરી )
અધિક પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર